દારૂ ભરેલી કાર ખાડામાં ઘુસી જતાં બુટલેગર મોતને ભેટ્યો

જામનગરપરા પાસે બનેલી ઘટના : ૩.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીક પુન્દ્રાસણથી કલોલ જવાના માર્ગ પર મધરાત્રે વિદેશી દારૂનો જથ્થો ભરીને કારમાં હેરાફેરી કરી રહેલા બુટલેગરની કાર જામનગરપરા પાસે ખાડામાં ઉતરી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બુટલેગરનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે રૂ. ૩.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ફેટલ એક્સીડન્ટ તથા પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી સિનિ. પી.એસ.આઈ. એચ.આર.કુવાડિયાએ સઘન તપાસ હાથ ધરી છે.

કલોલથી પુન્દ્રાસણ જવાના માર્ગ પર રાત્રે ઢોઢેક વાગ્યાના અરસામાં દારૂની બોટલો તથા બિયરના ટીનનો જથ્થો ભરીને હેરાફેરી કરી રહેલી એસ્ટીમ કાર નં. જીજે-૧૮-ડીએ.૪૫૯૯ ને જામનગરપરા નજીક અકસ્માત સર્જાયો હતો. કાર ખાડામાં ઉતરી જતાં કલોલના પાનસર વિસ્તારના ૨૭ વર્ષીય બુટલેગર સલીમ મહમ્મદ શેખનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

પોલીસને અકસ્માત અંગે જાણ થતા પેથાપુર પી.એસ.આઈ. એચ.આર. કુવાડીયા સ્ટાફ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા. અને કારમાં તપાસણી કરતાં ૮ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૫૮૦ નંગ બિયરના ટીમ મળી આવ્યા હતા. પોલીસે બુટલેગરનો મૃતદેહ પી.એમ. માટે મોકલી મૃતકના ભાઈ જાવેદની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે. પોલીસે રૂ. ૩,૬૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો ક્યાંથી લવાયો હતો તથા ક્યાં લઈ જવાતો હતો તે જાણવા મૃતક બુટલેગરના કોલ ડિટેઈલ મેળવીને તપાસ આરંભી છે.

અકસ્માતગ્રસ્ત કારમાંથી દારૂ-બિયરની લુંટ

જામનગરપરા વિસ્તારમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર ખાડામાં ઉતરી જતાં બુટલેગરનું મૃત્યું થયું હતું. દારૂબિયર ભરેલી કાર હોવાની વાત વાયુવેગે ગ્રામજનો સુધી પ્રસરી જતાં ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા અને કારમાંથી દારૂ અને બિયરની રીતસરની લુંટ ચલાવી સ્થળ પર જ બિયર પીવાનું શરૂ કરી દીધુ હતુ. પોલીસ ઘટનાસ્થળે પહોંચતા ગ્રામજનોએ દારૂ-બિયર સાથે નાસભાગ કરી મુકી હતી.

ઓઢવના કિશોરનો સુઘડ કેનાલમાં ઝંપલાવી આપઘાત

ત્રણ દિવસ પહેલા ઘરેથી ચાલ્યો ગયો હતો

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય કિશોરે ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલુ કરી લીધું છે. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે. કિશોરે ક્યાં કારણોસર આપઘાત કરી લીધો છે તે બાબત હજુ રહસ્યમય છે.

અડાલજ નજીક આવેલી સુઘડ કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલા કેનાલ સિકયુરીટી ગાર્ડે ગઈ બપોરે કેનાલના પાણીમાં એક તરતો મૃતદેહ દેખાતા તાત્કાલીક અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી ત્રણ દવસ પહેલા ગુમ થયેલો ૧૭ વર્ષીય કિશોર દિપક રઘુનાથ રબારીનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું છે. અડાલજ પોલીસે કિશોરનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ભરૂચ નર્મદા જિલ્લા મિત્રમંડળ દ્વારા જુદા જુદા વય ગૃપમાં ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના ભરૂચ-નર્મદા જિલ્લા મિત્ર મંડળ દ્વારા તા. ૨૮મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે ગરબા, ગરબી સુશોભન અને ઘરેથી શણગારેલી આરતીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

મંડળના પ્રમુખ પ્રવીણભાઈ મહેતાએ જણાવ્યું છે કે, સભ્ય-પરિવારના સહકારથી શરદપૂર્ણિમાના દિવસે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન રંગમંચ, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે ગરબા સ્પર્ધા, ગરબી શુશોભન સ્પર્ધા અને આરતી શણગાર સ્પર્ધા યોજાશે. ગરબા સ્પર્ધામાં વિવિધ ત્રણ વયજૂથ પાડવામાં આવ્યા છે. જેમાં 'એ' વિભાગમાં ૫ થી ૧૭ વર્ષ સુધીના, 'બી' વિભાગમાં ૧૮ થી ૪૫ વર્ષ સુધીના અને 'સી' વિભાગમાં ૪૬ થી ઉપરની વય ધરાવતા વ્યક્તિઓ જોડાઈ શકેશ. ગરબા સ્પર્ધા, ગરબી સુશોભન સ્પર્ધા અને ઘરેથી શણગારેલી આરતી સ્પર્ધામાં વ્યક્તિદીઠ ૧૦ રૂ. એન્ટ્રી ફી નક્કી કરવામાં આવી છે. વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ આપી સન્માનીત કરવામાં આવશે.

ભરૂચ નર્મદા જિલ્લા મિત્રમંડળ ગાંધીનગરના મંત્રી રણજીતભાઈ પટેલે આ પ્રસંગે વધુમાં જણાવ્યું છે કે, સ્પર્ધાના કાર્યક્રમ બાદ દૂધ-પૌંઆનો કાર્યક્રમ યોજાશે. જે માટેના પાસ સંસ્થાના પ્રતિનિધિ મોતીસિંહ અટોદરિયા, મો. નં. ૯૪૨૬૩૫૬૭૮૪, રણજીતભાઈ પટેલ મો. નં. ૯૪૨૮૪૧૭૧૨૨ વગેરે પાસેથી તા. ૨૦મી ઓક્ટોબર સુધીમાં વ્યક્તિદીઠ ૨૫ રૂ. આપી મેળવી લેવાના રહેશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વુમન ડેવલમેન સેલ અંતર્ગત મહિલા કાનૂની શિબિર યોજાઈ

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરની કોલેજમાં ફરજ બજાવતાં અધ્યાપિકાઓ અને યુનિવર્સિટીની વિવિધ વિભાગોમાંથી આવેલ વિદ્યાર્થીઓને લઈને કાનૂની માર્ગદર્શન શિબિર સેકટર -૨૩ ખાતે આવેલ કડી કેમ્પસમાં આવેલ ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વુમન ડેવલપમેન સેલ અંતર્ગત યોજવામાં આવેલ મહિલા કાનૂની શિબિરમાં તજજ્ઞ તરીકે ગાંધીનગર સીવીલ કોર્ટના જજ ડી.એ. પારેથ, ડી.એમ. પ્રજાપતિ, કે.વી. વીડજા અને કે.પી. રાઠોડે કાનૂની અધિકારો વિશે ઊંડાણ પૂર્વક માહિતી પૂરી પાડવામાં આવી હતી. વિદ્યાથીનીઓએ મોટી સંખ્યામાં આ શિબિરમાં ભાગ લીધો હતો તથા પોતાના અભિપ્રાયો પણ શિબિરના અંતે જણાવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ઉપસ્થિત રહેલ તજજ્ઞોનો પરીચય તથા પ્રાથમિક પરીચય ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રા. વીણાબેન પટેલે આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. જિજ્ઞાસાબેન જોશી સહિત સાથી અધ્યાપકશ્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

સે. ૫-ડી ટાંકીને અનુલક્ષી ટૂંકમાં પમ્પીંગ સ્ટેશનનું કામ શરૂ થશે

પમ્પીંગ સ્ટેશન માટે મશીનરી આવી ડિસેમ્બર સુધીમાં પ્રોજેક્ટ પુરો કરાશે

ગાંધીનગર, તા. ૧૮

વન વિભાગનું ગ્રહણ દૂર હટ્યા બાદ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થાનું કામ પ્રતિ હેઠળ છે. સે. ૫-ડી માં નવીન પાણીની ટાંકી નિર્માણ કરવાની કામગીરી આખરી તબક્કામાં છે.જ્યારે હવે પમ્પીંગ સ્ટેશન બનાવવાનું કામ પણ હાથ ધરવા આયોજન કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ડિસેમ્બર સુધીમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ પૂર્ણ કરી દેવાશે.

શહેરમાં વિકાસ અને વસ્તીને ધ્યાને લઈ પાણીની જરૂરીયાતને સંતોષવા દાયકાઓ જૂની પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવાનું કામ હાથ ધરાયું છે. પ્રારંભિક તબક્કે રૂટમાં આવતા વૃક્ષોનું છેદન કરવાની ફરજ પડે તેમ હોવાથી વન વિભાગની મંજુરીના અભાવે આ યોજનાનું કામ અટવાયું હતું. નવ વિકસિત વિસ્તારના સે. ૧ થી ૧૩માં પર્યાપ્ત અને ફોર્સથી પાણી પુરુ પાડવા માટે રૂ. ૧૮ કરોડના ખર્ચે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. વિલંબના લીધે આ કામગીરી નિયત સમયમાં પૂર્ણ થઈ શકેતેમ નથી. જો કે સે. ૫-ડીમાં પાણીની નવીન ટાંકી બનાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે. જ્યારે પાઈપલાઈન અપગ્રેડ કરવાનું કામ પણ પ્રગતિ હેઠળ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૫-ડીમાં પાણીની ટાંકીને અનુલક્ષી પમ્પીંગ સ્ટેશન બનાવવા ટૂંકમાં કામ શરૂ કરી દેવાશે. આ અન્વયે જરૂરી મશીનરી પણ ખરીદી લેવામાં આવી છે. ટાંકી અને પાઈપલાઈનની સાથે પમ્પીંગ સ્ટેશન બનાવવા પણ ઝડપથી કામ હાથ ધરાશે. આગામી ડિસેમ્બર મહિના સુધીમાં કામ પુરુ કરી દેવાનુ આયોજન છે ત્યારે ટોરેન્ટ કક્ષાએથી જોડાણ આપવાના મામલે હાલ પુરતો નન્નો ભણી દેવાતા તંત્ર માટે ફરી એકવાર શિરદર્દ ઉભો થયો છે.

સે. ૬-બીના શેરી ગરબામાં મોડી રાત સુધી રાસની રમઝટ

નવદુર્ગાની નવરાતમાં અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવની બોલબાલા વચ્ચે સેક્ટરોમાં યોજાતા શેરીગરબામાં પણ ગરબેગુમવા ખેલૈયાઓમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે. સેક્ટરોમાં પણ શક્તિની ભક્તિવંદના સાથે ટેસ, ચપટી અને તાલીના તાલે ગરબાની રંગત જામે છે. સે. ૬-બી નવરાત્રી ચોકમાં પણ પારિવારીક અને ભક્તિસભર માહોલમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સોસાયટીના રહીશો ગરબા પછી રાસની રમઝટ જમાવે છે. ભક્તિમય વાતાવરણમાં રાસે રમતા ખેલૈયાઓ આકર્ષણ જમાવે છે. આ શેરી ગરબામાં ઢોલના ધબકાર વગર કાને સંભળાતી દાંડીયાની રણકારની વિશેષતા જોવા મળે છે.

અંબાલાલ સોનીનું ૧૧૫મું જન્મ વર્ષ ઉજવાયું

ગુજરાત રાજ્યના પૂર્વ ચીફ આર્કીટેક એન્ડ ટાઉન પ્લાનર શિવકુમાર વર્માના પિતા અંબાલાલ માણેકલાલ સોનીને ૧૧૫ વર્ષ થતાં વડીલબંધુશ્રીની જન્મ જયંતિ ૧૪મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ ધામધૂમથી અને ઉત્સાહભેર ઉજવવામાં આવી હતી.

ગુરુવર્ષ અને શિક્ષક અંબાલાલ સોનીના ૧૧૫મા જન્મ જયંતિ ઉત્સવમાં અતિથિ વિશેષ તરીકે સુહાસીનીબેન વ્યાસના વરદહસ્તે ધો.૧થી ૧૨ના વિદ્યાર્થીઓનુંપારિતોષિક અર્પણ કરી સન્માન કરવામાંઆવ્યુંહતું. અંબાલાલ સોનીની દીર્ઘકાલીન જવલંત કારકિર્દીમાં તેમના તેજસ્વી વિદ્યાર્થીઓમાં ત્યાંની નગરપાલિકાના પૂર્વ ચેરમેનો, ધારાસભ્યો અને સમાજ શ્રેષ્ઠીઓનો સમાવેશ થાય છે. જેમાં જયનારાયણભાઈ વ્યાસનું મહત્વનું સ્થાન છે.

સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં નિઃશુલ્ક વ્યસનમુક્તિ અભિયાન ચલાવતા ગુલાબચંદ પટેલ

વ્યસનમુક્તિના કાર્યક્રમ માટે સંપર્ક કરો મો. નં. ૯૯૦૪૪૮૦૭૫૩

ગાંધીનગર, તા. ૧૮

સાંપ્રત સમયમાં દરેક યુવાન નાના-મોટા વ્યસનો કરી પોતાના શરીરને કથળાવતો રહ્યો છે ત્યારે કવિ, લેખક અને સરકારી અધિકારી એવા ગુલાબભાઈ એન. પટેલ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં નિઃશુલ્ક વ્યસનમુક્તિ અભિયાન ચલાવી રહ્યા છે.

છેલ્લા ચાર વર્ષથી વ્યસનમુક્તિ અભિયાન ચલાવતા ગુલાબચંદ પટેલ શાળા કોલેજોમાં, સંસ્થાઓમાં વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજે છે. તેઓએ અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ સંસ્થાઓમાં કાર્યક્રમો કર્યા છે. તેઓએ ૫૦૦૦ થી વધારે યુવાનો, વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિના સંકલ્પ લેવડાવ્યા છે. તેમણે વ્યસન મુક્તિના બે પુસ્તકો પણ પ્રકાશિત કર્યા છે. એક છે, 'ચાલો, વ્યસનમુક્ત શાળા, કોલેજનું નિર્માણ કરીએ' અને બીજું છે, 'સ્વર્ણિમ ગુજરાત'

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે ગુલાબચંદ પટેલને તાજેતરમાં મહામહિમ રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલના હસ્તે 'ધરતીરત્ન' એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તેમનું અનેક સંતો મહાત્માઓએ સન્માન કર્યું છે.

સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓ અથવા વિવિધ સમાજના ગોળ, પરગણાના અગ્રણીઓ વ્યસનમુક્તિ કાર્યક્રમ કરવા માંગતા હોય તો તેઓએ મો. નં. ૯૯૦૪૪૮૦૭૫૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

જન કલ્યાણ સેવા પરિષદ ગાંધીનગર દ્વારા કુદરતી મૃત્યુમાં વળતર પેટે અપાયેલ રાહત

ગાંધીનગર, તા. ૧૮

જન કલ્યાણ સેવા પરિષદ ગાંધીનગર દ્વારા ચાલતી જન કલ્યાણ આકસ્મિક રાહત યોજનામાં પ્રવીણભાઈ શંકરલાલ પટેલ, મુ. ઠારૂની મુવાડી, તા. તલોદ, જિ. સાબરકાંઠાએ જન કલ્યાણ સેવા પરિષદ ગાંધીનગર સંસ્થાના સભાસદ બનેલા હતા તેઓનું કુદરતી મૃત્યુ થવાથી તેમના મૃત્યુના વળતર પેટેનો રૂ. ૨૫૦૦નો ચેક તેમના વારસદાર દશરથભાઈ પટેલને જિલ્લા નિરીક્ષક અનિતાબેન ગાંધીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

ઠારૂની મુવાડી તથા મહેકાલના સરપંચ પ્રતાપસિંહ મોતીસિંહ ઝાલા, જનકલ્યાણ સેવા પરિષદ ગાંધીનગર સંસ્થાના ચેરમેન દિલીપભાઈ ધારવા, સંસ્થાના મંત્રી રણજીતભાઈ પરમાર, જિલ્લા નિરીક્ષક અનિતાબેન ગાંધી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મૃતકના પરિવારજનોને ચેક એનાયત કર્યો હતો.

સેકટર-૩ડીમાં સાંઈબાબા મંદિરનો પાંચમો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૮

સાંઈ ધામ સેકટર-૩ડી ગાંધીનગરમાં નિર્માણ પામેલ શ્રી સાંઈબાબા મંદિરની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના પાંચમા પાટોત્સવ આસો સુદ પૂનમ તા. ૨૯મી ઑકટોબરના રોજ રાખવામાં આવેલ છે. પાટોત્સવ નિમિત્તે 'મહાવિષ્ણુ યાત્રા' ત્રિ-દિવસીય યજ્ઞ પણ રાખેલ છે.

યજ્ઞનો પ્રારંભ તા. ૨૭ મી ઑકટોબરે સવારે થશે. યજ્ઞ પૂર્ણાહૂતિ આસો સુદ પૂનમ તા. ૨૯મી ઑકટોબરે થશે. શ્રીફળ સાંજે પાંચ વાગે હોમશે. યજ્ઞકાર તરીકે શાસ્ત્રી મહેશભાઈ રાવલ છે. તા. ૨૭, ૨૮ ઑકટોબરે રાત્રે ભજન સંધ્યા રાખેલ છે.

ગાંધીનગર શહેર જિલ્લામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસના હોદ્દેદારોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષને રાજ્યમાં સંગઠીત બનાવવા માટે જિલ્લા પ્રમુખ ચતુરજી ઠાકોર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષમાં નીચેનાં સભ્યોની નિમણૂંક કરેલ છે.

જગદીશસિંહ રાજપૂત, સે-૨, ઉપપ્રમુખ, વિનોદભાઈ કોટી, સે-૨૩, ઉપપ્રમુખ, પીરશા રહેમાનશાં ફકીર, પ્રાંતિયા, મહામંત્રી, ડાહ્યાજી ઠાકોર, સે-૧૫, વોર્ડ પ્રમુખ, સતીષ મારવાડી આદીવાડા વોર્ડ પ્રમુખ, પ્રફુલ્લાબેન ભટ્ટ, શહેર પ્રમુખ ગાંધીનગર, શ્રીમતી ઈલાબેન ઠાકોર, બોરીજ મહિલામંત્રી, ગાંધીનગર શહેર, શ્રીમતી આશાબેન ડી. દરજી, મહિલા મંત્રી, ગાંધીનગર શહેર, શ્રીમતી હંસાબેન વાઘેલા, મહિલામંત્રી પેથાપુર, શ્રીમતી કલ્યાણીબેન પંચાલ, મહિલા મંત્રી, સેકટર-૨૬.

તપસ્વી જીવન અને બ્રહ્મચારી જીવન પસાર કરતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ચિલોડા કેન્દ્ર ખાતે ૩૩ બ્રહ્માકુમારો અને બ્રહ્માકુમારીઓનો દિવ્ય રત્ન સન્માન સમારોહ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાની ખાસ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સેવાના ભેખધારી ધર્મિષ્ઠાબેન, તારાબેન, રંજનબેન, પ્રીતિબેન, જુગ્નુબેન, ભાવનાબેન, ટીનાબેન વગેરેએ આ વિશિષ્ટ કામગીરીમાં સુંદર સહયોગ આપી કાર્યક્રમના યશના ભાગીદાર બન્યા હતા.
(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૧૩

તાપમાન

મહત્તમ : ૩૫.૬ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૧૫, ૩.૧૫, ૯.૩૦
ઈંગ્લીશ વિંગ્લીશ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
શુદ્ર : ૧૦.૦૦, ૫.૦૦
ઐય્યા : ૧૨.૦૦
દિલ્હી સફારી : ૩.૦૦
મખ્ખી : ૭.૩૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
દિલ્હી સફારી (૩ડી) : ૧૨.૩૦, ૫.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૫.૧૫
ઈંગ્લીશ વિંગ્લિશ : ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લિશ : ૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૮.૩૦, ૧૧.૨૦, ૨.૦૫, ૪.૫૦, ૭.૩૫, ૧૦.૨૦

સૂર્યા, વાવોલ

મખ્ખી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કોઈનું સિંદુર કોઈના માથે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫
ભૂત રીર્ટન : ૨.૦૦, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૧૫
મખ્ખી : ૯.૪૫

ચિરાગ, કલોલ

ચુંદડીના સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. જવાબદારીનાં કાર્ય સફળતા પૂર્વક પૂર્ણ થઈ શકે છે. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે.

વૃષભ : શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો.આરોગ્યમાં સુધારો થઈ શકશે.

મિથુન : પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોહ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

કર્ક : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

સિંહ : વ્યાપાર સારો ચાલશે. વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે.આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું.

કન્યા : કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

તુલા : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે.

વૃશ્ચિક : ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.

ધન : સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મકર : લાભ પ્રાપ્તિનો યોગ. મંગળ પ્રસંગોમાં સમય પસાર થઈ શકે છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે. આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે.

કુંભ : ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધી થઈ થશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રાનો યોગ.

મીન : વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. સુખ, સુવિધા, ભવન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ચિરવિદાય

● સ્વ. લલીતાબેન પ્રહલાદભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૫૦) પ્લોટ નં. ૪૪૮/૩, 'ચ-૧' ટાઈપ, સેકટર-૬, ગાંધીનગર.